# ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સલ્ટન્સી લિમિટેડ

# Gujarat Town Planning Consultancy Limited

## - ONLINE TENDER -

**Empanelment of Survey Agencies**

Empanelment of Survey Agencies for the preparation of Draft Development Plan, Draft Town Planning Schemes and Ground Truthing activity in Gujarat.

ગુજરાત રાજ્યમાં મુસદ્દારૂપ વિકાસ યોજના, મુસદ્દારૂપ નગર રચના યોજના તથા AMRUT 2.0 હેથળ ગ્રાઉન્ડ ટ્રુથિંગની કામગીરી માટે સર્વે એજન્સીઓને એમ્પેનલમેન્ટ કરવા બાબત.

## ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સલ્ટન્સી લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ :- ત્રીજો માળ, રિવરફ્રન્ટ હાઉસ,
એચ. કે. આર્ટ્સ કોલેજ ની પાછળ,
ગાંધી અને નહેરૂ બ્રીજની વચ્ચે,
અમદાવાદ, ગુજરાત– ૩૮૦૦૦૯.

Contents

ટેન્ડરની ટુંકી વિગત અને અગત્યની તારીખો:- ........ 4

ટેન્ડર ભરવાની અને જમા કરવા અંગેની અગત્યની સુચનઓ ........ 5

લઘુતમ લાયકાતનાં ધારા-ધોરણ ........ 12

**(અ) તાંત્રીક લાયકાત:-** ........ 12

**(બ)નાણાકીય લાયકાત:-** ........ 13

**કામગીરી શરતો:-** ........ 14

કામ નં. ૦૧ :- સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનામાં સમાવિષ્ટ વિસ્તારની માપણીની કામગીરી (નિમતાણાં વગર) ........ 14

કામ નં. ૦૨ :- સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાની માપણી સાથે બેઝમેપ બનાવવાની રેકર્ડ તૈયાર કરવા તથા ડી.આઈ.એલ.આર. શ્રી દ્વારા માપણી રેકર્ડ પ્રમાણીત કરવાની કામગીરી (નિમતાણા સાથે) ........ 16

કામ નં. ૦3 (અ) :DGPS નો ઉપયોગ કરીને હોરીજોન્ટલ કન્ટ્રોલ પોઇન્ટ ફીકસ કરવા સમગ્ર વિસ્તારમાં DGPS કન્ટ્રોલસ્ટેશનને જોડતા ટોટલ સ્ટેશન દ્વારા ટ્રાવર્સ કરવો. ........ 20

કામ નં. ૦3 (બ) : સુચિત વિકાસ યોજના માટે સેટેલાઇટ ઇમેજ જીઓ રેફરન્સ કરવા માટે RTK પધ્ધતીથી DGPS પોઇન્ટ સર્વેની કામગીરી.. ........ 23

કામ નં. ૦૪ : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાના અથવા અન્ય રોડની માપણી તથા તેના ડીમાર્કેશનની કામગીરી. ........ 24

કામ નં. ૦૫: નગર રચના અધિકારીશ્રી દ્વારા તૈયાર કરેલ સૂચિત પ્રારંભિક નગર રચના યોજનાના ફાઇનલ પ્લોટ તથા ઓથોરીટીના ફાળવેલા અનામત પ્લોટના ડીમાર્કેશનની કામગીરી. ........ 28

કામ નં. ૦૬ : પ્રારંભિક/અંતિમ મંજુર નગર રચના યોજનાના ડીમાર્કેશન તથા રેકર્ડ તૈયાર કરવાની કામગીરી. ........ 30

કામ નં. ૦૭ : પ્લોટ વેલીડેશન, વિકાસ પરવાનગી, વપરાશ પરવાનગી, નોન ટીપી અભિપ્રાય હેતુ રજુ થતાં પ્રકરણો તથા સત્તામંડળ દ્વારા જણાવાયેલ કિસ્સામાં સર્વે નં./ બ્લોક નં./ મૂળખંડ નં./ અંતિમખંડ નં./ સબપ્લોટની માપણીની કામગીરી તથા અનામત હેતુના પ્લોટની માપણીની કામગીરી:- ........ 34

કામ નં. ૦૮. રોડ તથા સત્તામંડળને સંપ્રાપ્ત થતા રીઝર્વેશનના પ્લોટના ડીમાર્કેશન વખતે લગાવવાના થતા પથ્થરની કામગીરી ........ 35

કામ નં. ૦૯ : AMRUT 2.0 હેઠળ માસ્ટર પ્લાન તૈયાર કરવા અર્થે Geo-data base તૈયાર કરવા સારૂ ગ્રાઉન્ડ ટ્રુથીંગ (Ground Truthing) અંગેની કામગીરી ....... 36

ઈ.એમ.ડી(બાનાની રકમ) સીક્યુરીટી ડીપોઝીટ ટેક્ષ. ડ્યુટી બાબત....... 38

**પ્રમાણ પત્ર**....... 39

પત્રક-૧ (અ) ....... 40

હકીકતલક્ષી ફોર્મ ....... 40

પત્રક-૧ (બ)....... 41

જો ભાગીદારી પેઢીહોય તો તે અંગેની માહિતી દર્શાવતુફોર્મ:-....... 41

પત્રક-૨ (અ) ....... 42

બાંહેધરી પત્રક....... 42

પત્રક– ૨ (બ)....... 43

બાંહેધરી પત્રક....... 43

પત્રક-3 ....... 44

સર્વે એજન્સીની સામાન્ય માહિતી દર્શાવતુફોર્મ:-....... 44

પત્રક–૪ ....... 45

અનુભવની વિગત દર્શાવતુ પત્રક ....... 45

પત્રક-૫ ....... 46

એજન્સી પાસે ઉપલબ્ધ સાધનોની વિગત દર્શાવતુ પત્રક....... 46

પત્રક-૬ ....... 47

એજન્સીના કર્મચારીઓની લાયકાતની વિગત દર્શાવતુ પત્રક....... 47

પત્રક–૭ ....... 48

નાણાકીય ક્ષમતા....... 48

પત્રક-૮ ....... 49

ઓફર ફોર્મ (ભાવ પત્રક) ....... 49

# ટેન્ડરની ટુંકી વિગત અને અગત્યની તારીખો:-

ગુજરાત રાજ્યમાં મુસદ્દારૂપ વિકાસ યોજના, મુસદ્દારૂપ નગર રચના યોજના તથા ગ્રાઉન્ડ ટ્રુથિંગની કામગીરી માટે સર્વે એજન્સીઓને એમ્પેનલમેન્ટ કરવા બાબત.

ટેન્ડર નં. જીટીપીસીએલ/૨૦૨૫-૨૦૨૬

| | | |
|---|---|---|
| (૧) | ટેન્ડર ફી (નોન રીફન્ડેબલ) | રૂ।. ૫૯૦૦/- In Favor of **"Gujarat Town Planning Consultancy Limited"** |
| (૨) | ઈ.એમ. ડી. ની રકમ | રૂપિયા ૧,૦૦,૦૦૦/- |
| (3) | **ટેન્ડર ઓનલાઇન પ્રસિધ્ધ કરવાની તારીખ** | **તા.૦૪ /૦૮ /૨૦૨૬** |
| (૪) | **ટેન્ડર ઓનલાઇન મેળવવાની તથા ભરવાની વિગત** | **www.nprocure.com** |
| (૫) | **Queries મોકલવાની છેલ્લી તારીખ** | **તા.૧૧/૦૮/૨૦૨૬, સાંજના ૧૮.૦૦ કલાક સુધી,**<br>માત્ર **info-gtpcl@gujarat.gov.in** ઈ-મેઈલ પર.<br>Queries હાર્ડ કોપી સ્વીકારવામાં આવશે નહીં. નિયત તારીખ અને સમય બાદ પ્રાપ્ત થયેલ Queries ધ્યાનમાં લેવામાં આવશે નહીં. |
| (૬) | પ્રી-બિડ **Meeting** | તા.૧૨/૦૮/૨૦૨૬, બપોરે ૪ કલાકે (IST) |
| (૭) | **Response to Queries** | તા.૧૯/૦૮ /૨૦૨૬ |
| (૮) | ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ | તા.૦૫/૦૯/૨૦૨૬<br>**સાંજના ૧૮.૦૦ કલાક સુધી** |
| (૯) | **ટેન્ડરની હાર્ડ કોપી જમા કરાવવાની તારીખ અને સમય અને સ્થળ** | **તા.૦૭/૦૯/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી**<br>પ્રતિશ્રી,<br>મેનેજીંગ ડાયરેકટરશ્રી,<br>ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સ્લ્ટન્સી, ત્રીજો માળ,<br>રિવરફ્ન્ટહાઉસ, અમદાવાદ, ગુજરાત– ૩૮૦૦૦૯. |
| (૧૦) | **ટેન્ડરની ટેકનીકલ બીડ ખોલવાની તથા ચકાસણીની તારીખ અને સમય અને સ્થળ** | **તા.૦૮/૦૯/૨૦૨૬**<br>**સવારે ૧૨.૦૦ કલાકે**<br>મેનેજીંગ ડાયરેકટરશ્રી,<br>ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સ્લ્ટન્સી, ત્રીજો માળ,<br>રિવરફ્ન્ટહાઉસ, અમદાવાદ, ગુજરાત– ૩૮૦૦૦૯. |

# ટેન્ડર ભરવાની અને જમા કરવા અંગેની અગત્યની સુચનઓ

**ગુજરાતરાજ્યમાં સુચિત વિકાસ યોજના અને મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ માટે જમીન માપણી તથા તે સંબંધિત આનુંષાગીક કામગીરી તથા AMRUT 2.0 હેઠળ ગ્રાઉન્ડ ટ્રુથિંગની કામગીરી માટે સર્વે એજન્સીઓને ત્રણ વર્ષ માટે એમ-પેનલ કરવા બાબતે સામાન્ય સુચનાઓ/શરતો:-**

(૧) ટેન્ડરરે ટેકનીકલ બીડની સાથે ટેન્ડર ફી ની રકમ રૂ.૫૯૦૦/- તથા EMDની રકમ રૂ.૧,૦૦,૦૦૦/- નો સ્થાનિક રાષ્ટ્રીયકૃત બેંન્કનો ડીમાન્ડ ડ્રાફ્ટ "Gujarat Town Planning Consultancy Limited" ના નામનો Payable at Ahmedabad ટેકનીકલ બીડ જોડે મુકવાનો રહેશે.

(૨) ટેન્ડરરે ટેન્ડર ફોર્મ તથા તેની સાથે રજુ થતા દરેક પાના/પુરાવા ઉપર પેઢી/કંપની/સહકારી સંસ્થાના સંબંધમાં સહીઓ અને સિક્કો મારી રજુ કરવાનું રહેશે.

(૩)સદરહુ ટેન્ડર (૧) ટેકનીકલ બીડ અને (૨) પ્રાઇસ બીડ ને વેબ સાઇટ:- www.nprocure.comઉપર ઓનલાઇન **તા. ૦૫/ ૦૯ /૨૦૨૬**, ૧૮:૦૦ કલાક સુધીમાં સબમીટ કરવાનુ રહેશે. પ્રાઇસ બીડને ફકત ઓનલાઇન ભરવાનું રહેશે.

(૪) ઓનલાઇન ભરેલ ટેન્ડરની ટેકનીકલ બીડની હાર્ડ કોપી મેનેજીંગ ડાયરેકટરશ્રીની કચેરી, ત્રીજો માળ, રિવરફ્રન્ટહાઉસ, જીટીપીસીએલ, અમદાવાદ ખાતે **તા. ૦૭/૦૯/૨૦૨૬**, ૧૮:૦૦ કલાક સુધીમાં સીલ બંધ કવરમાં સ્પીડપોસ્ટ - રજી.એડીથી જમા કરાવવાના રહેશે તથા કવર ઉપર ટેન્ડર નોટિસ નંબર અને **"ગુજરાત રાજ્યમાં મુસદ્દારૂપ વિકાસ યોજના, મુસદ્દારૂપ નગર રચના યોજના તથા AMRUT 2.0 હેઠળ ગ્રાઉન્ડ ટ્રુથિંગની કામગીરી માટે સર્વે એજન્સીઓને એમ્પેનલમેન્ટ કરવા બાબત"** તે મુજબની વિગત દર્શાવવાની રહેશે. ટેન્ડરરની વિગતો જેવી કે સંસ્થાનુ નામ, સરનામુ કોન્ટેક્ટ નંબર, સામેલ કરેલ ડી.ડી.ની વિગતો વિગેરે દર્શાવવાનુ રહેશે.

(૫) દરેક ટેન્ડર સાથે સર્વેની કામગીરી માટે જણાવેલ બાનાની રકમ (EMD)નો સ્થાનિક રાષ્ટ્રીય/ શીડ્યુલ્ડ બેંકના પે ઓર્ડર/ ડીમાન્ડ ડ્રાફ્ટ અચુક બીડવાના રહેશે. બાનાની રકમ વિનાના ટેન્ડર રદ થયેલ ગણાશે. આઉટ સ્ટેશન અને શીડ્યુલ બેંકના ચેક/ ડ્રાફ્ટ માન્ય રહેશે નહી. જેની નોંધ લેવી.

(૬) ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. રજુ કર્યા અંગેની પ્રાથમીક ચકાસણી કર્યા બાદ, પ્રાથમીક ચકાસણીમાં માન્ય રહેલ બીડર પેઢીઓના જ ટેકનીકલ બીડનુ ઓપનીંગ કરવામાં આવશે. અન્ય ટેન્ડરરના ટેન્ડર રદ કરવામાં આવશે.

(૭) સદરહુ ટેન્ડરની ટેકનીકલ બીડ મેનેજીંગ ડાયરેકટરશ્રીની કચેરી, ત્રીજો માળ, રિવરફ્રન્ટ હાઉસ, જીટીપીસીએલ, અમદાવાદ ખાતે ૧૨:૦૦ કલાક, **તા. ૦૮/૦૯/૨૦૨૬**ના રોજ ખોલવામાં આવશે.

(૮) ટેન્ડર કવર નં.૦૧ ઉપર "ટેન્ડર નોટીસનો નંબર" તથા કામનું નામ" ગુજરાત રાજ્યમાં મુસદ્દારૂપ વિકાસ યોજના, મુસદ્દારૂપ નગર રચના યોજના તથા AMRUT 2.0 હેઠળ ગ્રાઉન્ડ ટ્રુથિંગની કામગીરી માટે સર્વે એજન્સીઓને એમ્પેનલમેન્ટ કરવા બાબત" તેમ સ્પષ્ટ લખવાનું છે.

(૯) એજન્સી દ્વારા ટેન્ડરમાં દર્શાવેલ શરતો સિવાયની અન્ય શરતો દર્શાવતુ ટેન્ડર રદ કરવામાં આવશે.

(૧૦) દરેક ટેન્ડરરે બાનાની રકમના સ્થાનિક રાષ્ટ્રીય/ શીડ્યુલ્ડ બેંકના" મેનેજીંગ ડાયરેકટર,ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સ્લ્ટન્સી" ના નામનાપે ઓર્ડર/ ડીમાન્ડ ડ્રાફટ કવર નં.૦૨ માં સીલબંધ કરી તથા ટેન્ડર ફોર્મ તથા માંગેલ પુરાવા/પ્રમાણપત્ર અલગથી કવર નં.૦૩ માં સીલબંધ કરી, બંને કવરો કવર નં.૦૧માં મુકી ભરેલુ સહી સિક્કા સહિતનું સીલબંધ ટેન્ડર જીટીપીસીએલ કચેરીએ નિયત સમયમર્યાદામાં મોકલી આપવાનું રહેશે, મુદત બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૧૧) કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે કેમ? તે અંગેનો આખરી નિર્ણય મેનેજીંગ ડાયરેકટરશ્રી, જીટીપીસીએલ નો હકક અબાધિત રહેશે અને તે અંગે કોઇ કારણોઆપવામાં આવશેનહી.

(૧૨) જીટીપીસીએલ કંપનીને કોઇ રીતે નુકશાન ન થાય તેની ખાસ કાળજી એજન્સીઓએ રાખવાની રહેશે.

(૧૩) જીટીપીસીએલ દ્વારા એક થી વધુ એજન્સીઓ સમાન ભાવે રાખી શકાશે અને આ બાબતે કરાર કરવામાં આવેલ એજન્સીઓ દ્વારા કોઇપણ વાંધો કે તકરાર કરી શકાશે નહી.

(૧૪) જીટીપીસીએલ દ્વારા એમપેનલ કરાયેલ એજન્સીનુ કામ સંતોષકારક ન જણાય તેવા કિસ્સામાં કામગીરીનો ઇન્કાર ગણીને અન્ય એમપેનલ કરાયેલ એજન્સીઓ પૈકીની અન્ય એજન્સીને કામગીરી સોંપવામાં આવશે.

(૧૫) એમ-પેનલ કરવામાં આવેલ સર્વે એજન્સીની કામગીરીનો સમયગાળો ત્રણ વર્ષનો રહેશે.

(૧૬) દરેક ટેન્ડરની સાથે નીચે જણાવેલ માહિતી તથા દસ્તાવેજો હોવા જરૂરી છે.

- ટેકનીકલ બીડ:-ટેકનીકલ બીડ નિયત નમુનામાં તથા ટેન્ડર ફી ની રકમ અને ઇ.એમ.ડી.ની રકમ સામેલ કરીને તથા અનુભવ / લાયકાત અંગેના પુરાવા સાથે ટેકનીકલ બીડ જોડે મુકવાના રહેશે. તેમજ સ્કેન કરીને ઓનલાઇન મુકવાના રહેશે.
- પ્રાઇસ બીડ:-ટેન્ડર નોટીસ અન્વયેની સુચનાઓ / સમય પત્રક ધ્યાને રાખી ઓનલાઇન જ ભરવાનું રહેશે.

(૧૭) ટેન્ડર ફોર્મમાં સહી કરનાર વ્યકિત / માલિકીની પેઢી / ભાગીદારી પેઢી / એલ.પી.એલ. કંપની / સહકારી સંસ્થા મંડળીના અધિકૃત વ્યક્તિ હોવા જોઇશે.

(૧૮) બિડર દ્વારા GST NO., PAN NO., ની નકલો પ્રી બીડ ઇન્ફર્મેશન શીટની સાથે સામેલ કરવાની રહેશે.

(૧૯) બિડ સબમિશનની નિયત તારીખના સમયે બિડરને ભારતમાં કોઈપણ સરકારી/જાહેર ક્ષેત્રની એન્ટીટી દ્વારા બ્લેકલીસ્ટ કરવામાં આવેલ ન હોવા અંગેનુ સોગંદનામુ/પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. (પત્રક – ૨ મુજબ)

(૨૦) કોઈ પણ એન્ટિટી કે કેન્દ્ર સરકાર, કોઈપણ રાજ્ય સરકાર, વૈધાનિક સત્તામંડળ અથવા જાહેર ક્ષેત્રના ઉપક્રમ દ્વારા, કોઈપણ પ્રોજેક્ટમાં ભાગ લેવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યો હોય અને બિડની તારીખે આ પ્રતિબંધ ચાલુ હોય તો, પોતે અથવા તેના સહયોગી દ્વારા બિડ સબમિટ કરવા માટે પાત્ર રહેશે નહીં.

(૨૧) ટેન્ડરમાં ઓછા આવેલ ભાવ અથવા વાટા ઘાટ થયા બાદ નકકી થયેલ ભાવ મુજબ પેનલમાં પસંદગી પામનાર દરેક એજન્સીએ કામગીરી કરવાની રહેશે.

(૨૨) આંકડામાં તથા શબ્દોમાં લખવામાં આવેલ રકમ અલગ-અલગ હશે ત્યારે બંન્નેમાં જે રકમ ઓછી લખાયેલ હશે તે ધ્યાને લેવામાં આવશે.

(૨૩) કોઈ પણ જાતના કારણો આપ્યા વગર ટેન્ડરો કે લોએસ્ટ ટેન્ડર સંમ્પૂર્ણ પણે કે અંશત: સ્વીકારવાનો કે અસ્વીકારવાની તમામ સત્તા, કોઈપણ ટેન્ડરને મંજુર કરવાની સત્તા, સદર ટેન્ડરમાં ફેરફાર કરવા કે કોઈપણ ભાગ કે સમગ્ર ટેન્ડર પ્રકીયા રદ કરવા અંગેની તમામ સત્તા તથા જાહેર સંસ્થાના હિતમાં ટેન્ડરના ભાગ પાડવાનો અને એકથી વધુ ટેન્ડરરને કામગીરી સોંપવાની તેમજ આખરી નિર્ણયની તમામ સત્તા મેનેજીંગ ડાયરેકટરશ્રી, જીટીપીસીએલની રહેશે.

(૨૪) ટેન્ડરરનું ટેન્ડર એકવાર મંજૂર થયા પછી ટેન્ડર ભરનાર ટેન્ડરર કોઇપણ કારણોસર તેનો અસ્વીકાર કરશે, તો તે ટેન્ડરરની અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની રકમ જપ્ત કરવામાં આવશે.

(૨૫) ટેકનીકલ બીડ સાથે પુરક પુરાવા તરીકે પાનકાર્ડ, રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, બેંક સોલવન્સી, અનુભવનું પ્રમાણપત્ર, ચાર્ટડ એકાઉન્ટન્ટનું છેલ્લા ત્રણ વર્ષનું કરેલ કામગીરીની કુલ રકમનું સ્ટેટમેન્ટ, ઇન્કમટેક્ષના રીટર્ન, અને GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, વ્યવસાયાવેરા સર્ટીફીકેટ વિગેરે ડોક્યુમેન્ટ મુકવાના રહેશે તેમજ સ્કેન કરીને ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

(૨૬) સિક્યોરિટી ડીપોઝીટની રકમ કરારની મુદ્દત પૂર્ણ થયાના છ મહિના બાદ કામગીરી સંતોષકારક જણાયે અને બિલ સરભર થયે પરત કરવામાં આવશે. સિક્યોરિટી ડીપોઝીટની રકમ ઉપર જીટીપીસીએલદ્વારા કોઈપણ પ્રકારનું વ્યાજ ચૂકવવામાં આવશે નહિ.

(૨૭) એજન્સીઓને સોપાયેલ કામગીરીમાં ક્ષેત્રીય કામગીરી પુર્ણ કરી પ્રથમ હપ્તાની રકમ ચૂકવાયેલ હોય અને ત્યારબાદ ક્ષેત્રિય કામગીરી તાંત્રિક ક્ષતિવાળી, ભુલ તથા અન્ય ક્ષતિઓ હશે અથવા સંતોષકારક કામગીરી ન હોય તેવા કિસ્સામાં જીટીપીસીએલ દ્વારા સોંપાયેલ કામગીરી રદ કરી સિક્યુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી એજન્સીઓ સામે કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૨૮) જીટીપીસીએલ ના અધિકારી/કર્મચારી જયારે પણ સ્થળ ઉપર કામગીરીની ચકાસણી કરવા આવે ત્યારે કામગીરી કરનાર એજન્સીના પ્રતિનિધિ પણ સ્થળ ઉપરહાજર રહી, કામગીરી અંગે જે કોઈ પુછપરછ કરે તેની માહિતી પૂરી પાડવાની રહેશે અને સ્થળે જે કોઈ સૂચના આપે તેનું પાલન કરવાનું રહેશે.

(૨૯) ચુકવવા પાત્ર રકમ માંથી સરકારશ્રીનાં પ્રવર્તમાન ધારાધોરણ મુજબ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ ટેક્ષસેસની કપાત કરવામાં આવશે. બીલમાં ઇન્કમટેક્ષ ખાતા તરફથી ફાળવાયેલ પરમનેન્ટ એકાઉન્ટ નંબર અવશ્ય લખવાનો રહેશે. PAN હશે તો જ બીલની ચૂકવણી કરવામાં આવશે. બીલમાં જો ગુડ્સ એન્ડ સર્વીસ ટેક્ષનો ઉમેરો કરવામાં આવેલ હશે તો જે તે ખાતા તરફથી ફળવાયેલ ગુડ્સ એન્ડ સર્વીસ ટેક્ષ નંબર અવશ્ય લખવાનો રહેશે અન્યથા ગુડ્સ એન્ડ સર્વીસ ટેક્ષની ચૂકવણી કરવામાં આવશે નહી.

(૩૦) પેનલમાં પંસદગી પામનાર સર્વે એજન્સીએ સિક્યુરીટી ડીપોઝીટ પેટે રકમ રૂા.૧,૦૦,૦૦૦/- જમા કરાવવાનાં જમા કરાવવાનાં રહેશે. તથા અન્ય ૨.૫% રજૂ થનાર બીલમાંથી કપાત કરવામાં આવશે. ભરેલ સિક્યુરીટી ડીપોઝીટની સંપૂર્ણ રકમ કામગીરી સંતોષકારક રીતે પુર્ણ કરી જીટીપીસીએલને આ કામગીરી અંગે કોઇ વસુલાત ન રહે તો ટેન્ડરનો સમયગાળો પુર્ણ થયાના ૬ માસ બાદ પરત કરવાની રહેશે.

(૩૧) કોન્ટ્રાકટરે પોતાના કામદારોને થયેલ ઇજા માટે તથા તેને કંઇ બદલો આપવો પડે તો તે માટે તમામ રીતે એજન્સીઓ પોતે જવાબદાર રહેશે. કામદારોને થયેલ ઇજા માટે યોગ્ય બદલો આપવામાં જો કોન્ટ્રાકટર નિષ્ફળ નીવડે અને કામ કરતા શખ્સ, કામદારોને તેનો બદલો જીટીપીસીએલ તરફથી આપવામાં આવે તો તેની રકમ ટેન્ડર ભરનાર શખ્સને આપવા જોગ થયેલ રકમ માંથી બાદ કરવા જીટીપીસીએલ મુખત્યાર છે.

(૩૨) જીટીપીસીએલ તરફથી વખતોવખત શરતોમાં કોઇ ફેરફાર થાય અથવા નવી શરત ઉમેરવામાં આવે અથવા જે કોઇ સુચનો થાય તે તમામ એજન્સીઓને માન્ય અને બંધનકર્તા રહેશે તેમજ તેનું પાલન એજન્સીએ વિના તકરારે કરવાનું રહેશે.

(૩૩) માપણીની કામગીરી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે મૌખિક/લેખિત આદેશથી જાણ કરવામાં આવશે. કામગીરી સળંગ પૂર્ણ કરવાની રહેશે.

(૩૪) સુચિત વિસ્તારની તમામ કામગીરી જીટીપીસીએલની મૌખિક /લેખિત આદેશની તારીખથી નીચે કામમાં દર્શાવેલ અથવા વર્ક ઓર્ડરમાં દર્શાવેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. ડી.આઇ.એલ.આર કચેરીમાં માપણી/ રેકર્ડ પ્રમાણિત કરવા માટે જે સમય પસાર થાય તે સમય નક્કી થયેલ સમય મર્યાદામાં ગણવાનો રહેશે નહી.

(૩૫) સર્વેની કામગીરીમાં જરૂરી સ્ટેશનરી, સર્વેના સાધન, અન્ય સાધનસામગ્રી, સરકારી રેકર્ડ સહિતના તમામ રેકોર્ડ ઇત્યાદિ મેળવવાની સંપૂર્ણ જવાબદારી તથા આ બાબતનો તમામ આનુષાંગિક ખર્ચ કામગીરી કરનાર એજન્સીએ ભોગવવાનો રહેશે. સદરહું બાબતે જરૂર પડયેથી જીટીપીસીએલ તરફથી સંબંધિત વિભાગે માહિતી મેળવવા માટેના અધિકારપત્ર પુરા પાડવામાં આવશે.

(૩૬) એજન્સીએ કામગીરી શરૂ કરવા અંગેની લેખિત જાણ જીટીપીસીએલ ને ૨(બે) દિવસ અગાઉ કરવાની રહેશે. તથા દર અઠવાડિયે પ્રગતિ અહેવાલ સંપુર્ણ વિગતો સહિત રજુ કરવાના રહેશે.

(૩૭) કામગીરી કરનાર એજન્સીએ પોતાના તથા સંબંધિત કર્મચારીઓના ફોન નંબર સરનામા, મોબાઈલ નંબર, કર્મચારીની શૈક્ષણિક લાયકાત અને અનુભવ વિગેરે માહિતી, આ કામગીરી શરૂ કરતાઅગાઉ પુરા પાડવાના રહેશે. જયારે પણ આ માહિતીમાં ફેરફાર થાય ત્યારે તેની માહિતી સબંધિત વિભાગમાં આપવાની રહેશે.

(૩૮) સ્થળસ્થિતીની સર્વેની કામગીરી દરમ્યાન એજન્સીના સ્ટાફ,સાધન સામગ્રી કે અન્ય મિલ્કતોને તથા શખ્સોને કોઇપણ રીતે કોઇપણ પ્રકારનું નુકશાન થાય તથા તે અંગેના કોઇપણ અદાલતમાં દિવાની મુકદમા કે ફોજદારી મુકદમા અંગેની જવાબદારી જે-તે એજન્સીની રહેશે.

(૩૯) જીટીપીસીએલ દ્વારા આપેલ ઓથોરીટી લેટર તથા અન્ય સરકારી પત્રો કામગીરી પુર્ણ થયા બાદ જમા કરાવવાના રહેશે.

(૪૦) જીટીપીસીએલ દ્વારા વખતોવખત આપવામાં આવેલ હુકમ માન્ય રાખવાના રહેશે તેમજ એજન્સીએ તદાનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

(૪૧) સંપૂર્ણ કામગીરી તથા તેના બિલની ચુકવણી અને કોઇપણ પ્રકારનો વિવાદ ઉભો થશે તો મેનેજીંગ ડાયરેકટરશ્રી, જીટીપીસીએલનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૪૨) આ કરારની કલમના અર્થઘટન કે આ કારારને લગતા તમામ દાવાઓ, ઝઘડાઓ, વાદ વિવાદ વિગેરે બાબતો અંગેનું ન્યાયક્ષેત્ર ફક્ત અમદાવાદ ખાતે રહેશે.

(૪૩) **અયોગ્યતા (Disqualification):**

A.ભલે અરજદાર જરૂરી માપદંડોને પૂર્ણ કરતો હોય, તેમ છતાં નીચેના કિસ્સાઓમાં અરજદાર અથવા તેના ભાગીદાર/ડિરેક્ટર અયોગ્ય ઠરાવી શકાય છે:

- ફોર્મ, નિવેદન અથવા જોડાયેલ દસ્તાવેજોમાં ભ્રામક અથવા ખોટી માહિતી આપેલી હોય; અથવા
- કેન્દ્ર સરકારની સંસ્થા / રાજ્ય સરકારની સંસ્થા / ULBs (Urban Local Bodies) વગેરે દ્વારા ડીબાર, કરાર રદ અથવા બ્લેકલિસ્ટ કરવામાં આવેલ હોય.

B.જો કોઈ ડિરેક્ટર, ભાગીદાર અથવા માલિકનો ગુનાહિત ઇતિહાસ હોય અથવા ભારતના કોઈપણ કાયદા હેઠળ કોઈ કોર્ટ દ્વારા દોષિત ઠરાવવામાં આવ્યો હોય.

C.જો કોઈ ડિરેક્ટર, ભાગીદાર અથવા માલિક વિરુદ્ધ ભારતમાં કોઈ કોર્ટમાં કોઈ ફોજદારી કાર્યવાહી ચાલી રહી હોય અને તે કાર્યવાહીનો અંત દોષિત ઠરાવથી થાય.

**પેનલ્ટી**:-

(૪૪) જો એજન્સીને સોંપેલ કામગીરી કરવાનો ઇન્કાર કરે, કામગીરી સંતુષ્ટ રીતે પુરી પાડવામાં નિષ્ફળ નીવડે અને જીટીપીસીએલને તેની કામગીરીથી અસંતોષ થાય તો, એજન્સીની સીક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરી એજન્સીને એક વર્ષ માટે બ્લેકલીસ્ટ કરવામાં આવશે. જીટીપીસીએલ આ કારણે એજન્સીને થયેલ ખર્ચ, નુકશાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહી.

(૪૫) ટેન્ડરની શરતના ભંગ બદલ સિકયોરીટી ડિપોઝીટ પેટે જમા કરાવેલ રકમમાંથી ટેન્ડર મંજૂર કરનાર સંસ્થાને યોગ્ય જણાય તેટલી અથવા પુરેપુરી સિક્યોરીટી ડિપોઝીટ દંડ પેટે વસુલ લઇ શકશે.

(૪૬) સમગ્ર કામગીરી જો અનિવાર્ય સંજોગોને કારણે પણ નિયત સમયમર્યાદામાં પૂર્ણ ન થાય તો, સમય મર્યાદામાં વધારા અંગે અને પેનલ્ટી અંગે મેનેજીંગ ડાયરેકટરશ્રી, જીટીપીસીએલનો નિર્ણય આખરી રહેશે.સમયમર્યાદામાં વધારો કરી આપવામાં આવે તો પણ એજન્સીને કોઇપણ પ્રકારનો ભાવવધારો આપવામાં આવશે નહિ.

(૪૭) કામગીરીની કોઇપણ પ્રકારની માહિતી લેખિત/ મૌખિક/ ડીજીટલ સ્વરૂપે જીટીપીસીએલ દ્વારા અધિકૃત કરેલ ન હોય તે કોઇપણ સંસ્થા વ્યક્તિને આપી શકાશે નહીં. આ કામગીરીની માહિતીની સંપુર્ણ ગુપ્તતા જાળવવાની રહેશે. જો તેમાં કસૂર થયેલ હોવાનું માલુમ પડશે તો કરેલ કામગીરીના નાણા ચુકવ્યા વિના કરાર રદ કરવાની તેમજ તે અંગે એજન્સી સામે કાનુની કાર્યવાહી કરવા અંગેની અબાધિત સત્તા મેનેજીંગ ડાયરેકટરશ્રી, જીટીપીસીએલની રહેશે.

## લઘુતમ લાયકાતનાં ધારા-ધોરણ

ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા ઇચ્છતી એજન્સી નીચે મુજબની ઓછામાં ઓછી લાયકત ધરાવતી હોવી જોઇએ.

### (અ) તાંત્રીક લાયકાત:-

(૧) સરકારી કે અર્ધસરકારી વિભાગમાં ઓછામાં ઓછી દસ (૧૦) નગર રચના યોજનાઓની માપણી,તથા મેળવણીની કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરેલ હોવી જોઇએ. (તે અંગેના જરૂરી પ્રમાણ પત્રો રજુ કરવા)

(૨) એજન્સી પાસે પોતાની માલિકીના ઓછામાં ઓછા એક સેકન્ડની ચોક્કસાઇવાળુ એક અને ત્રણ સેકન્ડની ચોક્કસાઇવાળા બે ટોટલ સ્ટેશન હોવા જોઇએ. તેના જરૂરી પુરાવાઓ રજુ કરવાના રહેશે.

(૩) એજન્સી પાસે પોતાની માલિકીનું D.G.P.S. ઇન્સ્ટ્રુમેન્ટ હોવું જોઇએ અથવા D.G.P.S. ઇન્સ્ટ્રુમેન્ટ ધરાવતી એજન્સી સાથે તકનીકી કરાર હોવા જોઇએ.

(૪) એજન્સી પાસે ઓછામાં ઓછા નીચે મુજબની માનવબળ ધરાવતા હોવા જોઇએ.

| અં.નં. | ઓછામાં ઓછી લાયકાત | અનુભવ(વર્ષ) | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ટીમ લીડર<br>• સરકાર માન્ય સંસ્થામાંથી ફુલ ટાઈમ સિવિલ ઇજનેરીમાં ડીગ્રીસ્નાતક તથા સર્વે સંબંધિત કાર્યનું જ્ઞાન | ૫ | ૧ |
| ૨ | સિનિયર સર્વેયર<br>• સરકાર માન્ય સંસ્થામાંથી સિવિલ ઇજનેરીમાં ડિપ્લોમા તથા સર્વે સંબંધિત કાર્યનું જ્ઞાન | ૩ | ૨ |
| ૩ | સર્વેયર(આઇ.ટી.આઈ.)<br>• સરકાર માન્ય આઇ.ટી.આઇ. સંસ્થામાંથી સર્વેયર ટ્રેડમાં પ્રમાણપત્ર ધરાવતું હોવું. ફિલ્ડ સર્વે, લેવેલિંગ, ટોટલ સ્ટેશન / DGPS જેવા સર્વે સાધનોનો ઉપયોગ અને માપણી સંબંધિત કામગીરીનો અનુભવ ધરાવતો હોવો જરૂરી. | ૨ | ૫ |

(૫) એજન્સી દ્વારા કામ ઉપર રાખેલ જે વ્યક્તિ/ વ્યક્તિઓની કામ કરવા અંગેની ઓછી યોગ્યતા ધરાવતા હોય તો,મેનેજીંગ ડાયરેકટરશ્રી, જીટીપીસીએલ કામ ઉપર રાખવાની મનાઇ કરે તો તે વ્યક્તિ/ વ્યક્તિઓને કામ પર રાખી શકાશે નહિ.

**(બ)નાણાકીય લાયકાત:-**

(૧) એજન્સીએ ટેકનીકલ બીડ સાથે જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત રૂપિયા૨,00,000/- (અંકે રૂપીયા બે લાખ પૂરા) નું રાષ્ટ્રીયકૃત બેન્ક દ્વારા ઇસ્યુ થયેલ બેન્ક સોલ્વન્સી સર્ટીફિકેટ ફરજીયાત રજુ કરવાનું રહેશે. સદર સર્ટીફિકેટની તારીખ ટેન્ડરની જાહેર ખબર પ્રસિધ્ધ થયા તારીખ પછીની હોવી જોઇએ.

(૨) એજન્સી પાસે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં (૨૦૨૨-૨૦૨૩ થી ૨૦૨૪-૨૦૨૫)માં સરેરાશ ઓડિટેડ વાર્ષિક ટર્નઓવર પચાસ (૫0) લાખથી ઓછુ ન હોવુ જોઈએ. બિડરે તેનું ટર્નઓવર ઓડિટેડ નાણાકીય નિવેદનો મુજબ સબમિટ કરવું જરૂરી રહેશે.

(૩) જમીન માપણીની કાર્યવાહીની નાણા ચુકવણીમાં જી.એસ.ટી. સંદર્ભે ભારત સરકારશ્રી/ ગુજરાત સરકાર દ્વારા જે કોઇ હુકમ કરવામાં આવે તેનું પાલન કરવાનુ રહેશે તથા તદ્દાનુસાર વર્તવાનુ રહેશે.

## કામગીરી શરતો:-

### કામ નં. ૦૧ :- સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનામાં સમાવિષ્ટ વિસ્તારની માપણીની કામગીરી (નિમતાણાં વગર)

(૧) એજન્સી દ્વારા જમીન માપણી તથા અન્ય આનુષંગિક તમામ કામગીરી વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ૦૭ દિવસમાં શરૂ કરી વધુમાં વધુ ૩(ત્રણ) માસમાં પૂર્ણ કરી, સબંધિત વિભાગે જમા કરાવવાની રહેશે.

(૨) દરેક માપણીની સોંપણી સમયે એજન્સી દ્વારા જમીન માપણીમાં વપરાશ કરવામાં આવેલ સાધન (ટોટલ સ્ટેશન સર્વે ઇન્સ્ટ્રુમેન્ટ) નું પ્રમાણીત સંસ્થાનું કેલીબ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(૩) મુસદ્દારૂપ નગર રચના યોજનાની માપણી અને અન્ય હેતુ માટેની માપણીમાં જીયો રેફરન્સ તથા ટ્રાવર્સ માટે DGPS પોઇન્ટ એસ્ટાબ્લીશ કરવા રહેશે.

- જીટીપીસીએલ દ્વારા સુચવેલ DGPS કન્ટ્રોલ પોઇન્ટથી નવા કન્ટ્રોલ પોઇન્ટ અથવા સર્વે ઓફ ઈન્ડિયા (SOI) દ્વારા સ્થાપિત CORS સ્ટેશન પોઇન્ટના આધારે, એક નગર રચના યોજનામાં બે થી ત્રણ, જીટીપીસીએલના અધિકારીના સુચવ્યા મુજબ મુકવાના રહેશે.
- DGPS- બેઇઝ પોઇન્ટ ઓછામાં ઓછા ૨ કલાક અને DGPS-રોવરમાં ઓછામાં ઓછા એક કલાકનો સમયગાળો સ્ટેટીક પધ્ધતીથી રીડીંગ લેવા માટે રાખવાનો રહેશે.
- ઉપરોકત સર્વે માટેના કન્ટ્રોલ પોઇન્ટને DGPS રીપોર્ટ લોકેશન સ્કેચ સાથે WGS-84, UTM અને TM કોર્ડીનેટમાં રજુ કરવાના રહેશે.
- DGPS કોન્ક્રીટ પથ્થર 300x300x750 mm કોન્ક્રીટથી ઉપર 100X100 mmની 4 mmની MS પ્લેટ સાથે સાઇટ પર બનાવવાના રહેશે.
- બધી એજન્સીઓ ઓથોરીટી દ્વારા સુચવેલ DGPS થી આગળ કામગીરી કરવાની રહેશે જેથી બધા ડ્રોઇંગ જીઓ રેફરન્સ મળી રહે.

(૪) ટાવર્સની ચકાસણી જીટીપીસીએલના અધિકૃત અધિકારી/કર્મચારી દ્વારા થયા બાદ આગળની માપણીની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સર્વે નંબર પ્રમાણે કરાયેલ વિસ્તારમાં ૫૦% થી વધુ બાંધકામ હશે તો જ બાંધકામ વિસ્તારની માપણી તરીકે ગણવામાં આવશે. અન્યથા ખુલ્લા વિસ્તાર તરીકે ગણતરી કરવામાં આવશે, તથા તે મુજબ માપેલ વિસ્તારનુ ક્ષેત્રફળની ગણતરી કરી બીલની ચુકવણી કરવામાં આવશે.

(૬) સ્કીમ વિસ્તાર/સૂચિત વિસ્તારમાંથી પસાર થતા માનવ સર્જિત તથા કુદરતી પરીબળો જેવા કે કલાસીફાઇડ રસ્તા, પ્રસ્થાપિત ગાડા રસ્તા, પગદંડી, ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ, સોસાયટીના આંતરીક રસ્તા, ખાનગી રસ્તા સહિતના તમામ હયાત રસ્તા નામ સહિત દર્શાવી તથા જુદા જુદા માળખાગત

બાંધકામો જેવા કેપાણી વિતરણ વ્યવસ્થાનું મકાન, ચેમ્બરઅને ગટર લાઇનના મેનહોલસુએજ પંપીંગ સ્ટેશન, ઓવરહેડ ઇલેકટ્રીક લાઈન(પોલ, જંક્શન બોક્ષ, ડી.પી. બોક્ષ અને લાઇનની ક્ષમતા(કે.વી.માં)),ટેલીફોન લાઇનના થાંભલા, કમ્યુનિકેશન ટાવર, ગેસ વિતરણ/ઓ.એન.જી.સી. લાઇનનાસ્ટોન, રેલ્વે લાઇન, ઝાડ, ઐતિહાસિક સ્મારકો, બગીચા, તળાવ, નદી, નાળા, કેનાલ, કુવા, ધાર્મિક બાંધકામ તથા દેરી પ્રકારના બાંધકામો, બોરવેલ તથા પંપરૂમ વિ. જાહેર હેતુ માટેના મકાન જેવા કે બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, પોસ્ટ ઓફિસ, હોસ્પિટલ, રમતગમતના મેદાન વિગેરે જેવા તમામ બાંધકામની માપણી વધુમાં વધુ ત્રણ સેકન્ડની ચોકસાઈવાળા ટોટલ સ્ટેશનથી કરી એનોટેશન અને Z વેલ્યુ સહિતની વિગતવાર માહિતી સહિતનો બેઝ મેપ તૈયાર કરી સોફ્ટ કોપી સહિત જમા/સબમીટ કરવાનો રહેશે.

(૭) સ્કીમ વિસ્તાર/સૂચિત વિસ્તારનો સર્વે કરી હયાત જમીન ઉપયોગ હેતુનો સર્વે કરી તેમાં ઇમારતો (સરકારી કે ખાનગી)/સોસાયટીના પ્રચલીત નામ, ઉપયોગ(રહેણાંક/કોમર્શીયલ/ઇન્ડ્સ્ટ્રીયલ), માળ(જી, જી+૧, જી+૨...) વિગેરે વિગતો દર્શાવી તે મુજબનો નકશો ૧:૮૦૦૦ તથા ૧:૨૦૦૦ તૈયાર કરી કુલ 3 (ત્રણ) નકલ ૧૦૦ જી.સી.એમ. પેપરમાં તથા સોફ્ટ કોપી પાઠવવાની રહેશે.

(૮) હયાત સ્થળ-સ્થિતી સાથેના કન્ટુર સર્વેમાં સ્પોટ લેવલ પધ્ધતિથી કન્ટુર પ્લાન તથા લેવલ બુક તૈયાર કરવાની રહેશે. ૫૦મી X ૫૦ મીની ગ્રીડમાં ૦.૫૦મીના ઇન્ટરવલથી કન્ટુર શીટ તૈયાર કરી હયાત બાંધકામ સાથેનો નકશો અલગથી જમાં કરવાનો રહેશે તથા તમામ નકશાઓની સોફ્ટ કોપી અલગથી પુરી પાડવાની રહેશે.

(૯) સ્કીમ વિસ્તાર/સૂચિત વિસ્તારનો સર્વે કરી નકશાને કે.એમ.ઝેડ/કે.એમ.એલ. ફાઇલ ફોર્મેટમાં અલગથી આપવાની રહેશે.

(૧૦) ઉપરોકત કામગીરીની ત્રણ સેટમાં હાર્ડકોપી તથા .dwg અને .shp ફાઇલ સોફટકોપી આપવાની રહેશે.

(૧૧) સદરહું કામગીરી માટે નીચે મુજબના ધોરણે મહેનતાણાની રકમ ચૂકવવામાં આવશે.

| ક્રમાંક | શરતો / વિગતો | ચુકવણીનો હિસ્સો |
|---|---|---|
| ૧ | ક્ષેત્રિય કામગીરી પૂર્ણ થયા બાદ ક્લેઇમ રજુ કર્યેથી ચુકવવાપાત્ર રકમ.<br>(આ માટે ૧ સે.મી = ૨૦ મીટર સ્કેલમાં નકશો તૈયાર કરી તે મુજબ માપણી કરેલ વિસ્તારનું ક્ષેત્રફળ હેકટરમાં દર્શાવી બીલ રજુ કરવાનું રહેશે.) | ૯૦% |
| ૨ | બેઇઝમેપ બનાવવાની કામગીરી પૂર્ણ થયાથી જીટીપીસીએલના અધિકારીશ્રી / કર્મચારીના સર્ટિફિકેટ બાદ ચુકવવાપાત્ર રકમ. | ૧૦% |

## કામ નં. ૦૨ :- સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાની માપણી સાથે બેઝમેપ બનાવવાની રેકર્ડ તૈયાર કરવા તથા ડી.આઈ.એલ.આર. શ્રી દ્વારા માપણી રેકર્ડ પ્રમાણીત કરવાની કામગીરી (નિમતાણા સાથે)

(૧) એજન્સી દ્વારા જમીન માપણી તથા અન્ય આનુષંગિક તમામ કામગીરી વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ૦૭ દિવસમાં શરૂ કરી વધુમાં વધુ ૩ (ત્રણ) માસમાં પૂર્ણ કરી,સબંધિત વિભાગે જમા કરાવવાની રહેશે.

(૨) દરેક માપણીની સોંપણી સમયે એજન્સી દ્વારા જમીન માપણીમાં વપરાશ કરવામાં આવેલ સાધન (ટોટલ સ્ટેશન સર્વે ઇન્સ્ટ્રુમેન્ટ) નું પ્રમાણીત સંસ્થાનું કેલીબ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(૩) મુસદ્દારૂપ નગર રચના યોજનાની માપણી અને અન્ય હેતુ માટેની માપણીમાં જીયો રેફરન્સ તથા ટ્રાવર્સ માટે DGPS પોઇન્ટ એસ્ટાબ્લીશ કરવા રહેશે.

- જીટીપીસીએલ દ્વારા સુચવેલ DGPS કન્ટ્રોલ પોઇન્ટથી નવા કન્ટ્રોલ પોઇન્ટ અથવા સર્વે ઓફ ઈન્ડિયા (SOI) દ્વારા સ્થાપિત CORS સ્ટેશન પોઇન્ટના આધારે, એક નગર રચના યોજનામાં બે થી ત્રણ, જીટીપીસીએલના અધિકારીના સુચવ્યા મુજબ મુકવાના રહેશે.
- DGPS- બેઇઝ પોઇન્ટ ઓછામાં ઓછા ૨ કલાક અને DGPS-રોવરમાં ઓછામાં ઓછા એક કલાકનો સમયગાળો સ્ટેટીક પધ્ધતીથી રીડીંગ લેવા માટે રાખવાનો રહેશે.
- ઉપરોકત સર્વે માટેના કન્ટ્રોલ પોઇન્ટને DGPS રીપોર્ટ લોકેશન સ્કેચ સાથે WGS-84,UTM અને TM કોર્ડીનેટમાં રજુ કરવાના રહેશે.
- DGPS કોન્ક્રીટ પથ્થર 300x300x750 mm કોન્ક્રીટથી ઉપર 100X100 mmની 4 mmની MS પ્લેટ સાથે સાઇટ પર બનાવવાના રહેશે.
- બધી એજન્સીઓ ઓથોરીટી દ્વારા સુચવેલ DGPS થી આગળ કામગીરી કરવાની રહેશે જેથી બધા ડ્રોઇંગ જીઓ રેફરન્સ મળી રહે.

(૪) ટાવર્સની ચકાસણી જીટીપીસીએલના અધિકૃત અધિકારી/કર્મચારી દ્વારા થયા બાદ આગળની માપણીની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સર્વે નંબર પ્રમાણે કરાયેલ વિસ્તારમાં ૫૦% થી વધુ બાંધકામ હશે તો જ બાંધકામ વિસ્તારની માપણી તરીકે ગણવામાં આવશે. અન્યથા ખુલ્લા વિસ્તાર તરીકે ગણતરી કરવામાં આવશે, તથા તે મુજબ બીલની ચુકવણી કરવામાં આવશે.

(૬) મુસદ્દારૂપ નગર રચના યોજનાની માપણી તથા અન્ય હેતુ માટેની માપણીમાં જીયો રેફરન્સ તથા ટ્રાવર્સ માટે DGPS પોઇન્ટ એસ્ટાબ્લીશ કરવા રહેશે.

(૭) માપણી વિસ્તારના ગ્રાઉન્ડલેવલની વિગતો સી.એસ.વી.(CSV) ફોર્મેટમાં આપવાની રહેશે.

(૮) સુચિત વિસ્તારના દરેક રે.સ.નં/બ્લોક નંબરોની માપણી હયાત બાંધકામ સહિત કરવાની રહેશે. જેમાં સુચિત વિસ્તારની બાઉન્ડ્રીને લાગુમાં આવતા ર-ર (બે-બે) રે.સ.નં/બ્લોક નંબર તથા લાગુ નગર રચના યોજનાની દરખાસ્ત થયેલ હોય અથવા ગામતળના રોડ નેટવર્ક સહિતની માપણી અને મેળવણી કરવાની રહેશે.માપેલ વિસ્તાર મુજબ ક્ષેત્રફળની ગણતરી કરી ચુકવણું કરવામાં આવશે.

(૯) <u>બેઝ મેપ તૈયાર કરવા બાબત</u>:- દરેક રે. સર્વે નં/બ્લોક નં. નો સર્વે કરી, કલાસીફાઇડ રસ્તા, પ્રસ્થાપિત ગાડા રસ્તા, પગદંડી, ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ, સોસાયટીના આંતરીક રસ્તા, ખાનગી રસ્તા સહિતના તમામ હયાત રસ્તા નામ સહિત દર્શાવી તથા જુદા જુદા માળખાગત બાંધકામો જેવા કેપાણી વિતરણ વ્યવસ્થાનું મકાન, ચેમ્બર અને ગટર લાઇનના મેનહોલ સુએજ પંપીંગ સ્ટેશન, ઓવરહેડ ઇલેકટ્રીક લાઈન(પોલ, જંક્શન બોક્ષ, ડી.પી. બોક્ષ અને લાઇનની ક્ષમતા (કે.વી.માં)), ટેલીફોન લાઇનના થાંભલા, કમ્યુનિકેશન ટાવર, ગેસ વિતરણ/ ઓ.એન.જી.સી. લાઇનના સ્ટોન, રેલ્વે લાઇન, ઝાડ, ઐતિહાસિક સ્મારકો, બગીચા, તળાવ, નદી, નાળા, કેનાલ, કુવા, ધાર્મિક બાંધકામ તથા દેરી પ્રકારના બાંધકામો,બોરવેલ તથા પંપરૂમ વિ. જાહેરહેતુ માટેના મકાન જેવા કે બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, પોસ્ટ ઓફિસ, હોસ્પીટલ, રમતગમતના મેદાન વિગેરેજેવા તમામ બાંધકામની માપણી વધુમાં વધુ ત્રણ સેકન્ડની ચોકસાઈવાળા ટોટલ સ્ટેશનથી કરી એનોટેશન અને Z વેલ્યુ સહિતની વિગતવાર માહિતી સહિતનો બેઝ મેપ તૈયાર કરી સોફ્ટ કોપી સહિત જમા/સબમીટ કરવાનો રહેશે.

(૧૦) સદર સુચિતવિસ્તારનો હયાત લેન્ડ યુઝનો સર્વે કરી તેમાં ઇમારતો(સરકારી કે ખાનગી)/ સોસાયટીના પ્રચલીત નામ, ઉપયોગ (રહેણાંક/કોમર્શીયલ/ઇન્ડ્સ્ટ્રીયલ), માળ (જી, જી+૧, જી+ર...) વિગેરે વિગતો દર્શાવી તે મુજબનો નકશો ૧:૮૦૦૦ તથા ૧:ર૦૦૦ તૈયાર કરી કુલ ૦૩(ત્રણ) નકલ ૧૦૦ જી.સી.એમ. પેપરમાંતથા સોફ્ટ કોપી પાઠવવાની રહેશે.

(૧૧) લેન્ડયુઝ મેપ અને બેઝમેપની વિગતો AUTO CAD માં લેયર વાઇઝ તૈયાર કરવાની રહેશે. AUTO CAD માં દરેક લેયર માટેનું સ્ટાન્ડર્ડ ફોર્મેટ જીટીપીસીએલ દ્વારા આપવામાં આવશે.

(૧ર)સર્વે / માપણી ની મેળવણી સંબંધિત કામગીરી માટે જરૂરી દસ્તાવેજ પુરાવા જેવા કે રે.સ.નં./ બ્લોક નં.ના ગામ નમુના ૭/૧રની નકલ તથા સીટી સર્વે નંબરના પ્રોપર્ટી કાર્ડની નકલ, ગામનમુના નં ૬ની નકલ,માપણી શીટ, ટીપ્પણો, હિસ્સા ફોર્મ, દુરસ્તી પત્રક, કમી જાસ્તી પત્રક,મહેસુલી રેકર્ડ જેવા કે યુ.એલ.સી. હેઠળ ફાજલ જાહેર થયેલ જમીનની વિગતો તથા આકારબંધ ઉપરથી ક્ષેત્રફળ, રેલવે લાઇન રેકર્ડ, કલાસીફાઇડ રસ્તાનાંરેકર્ડ, કેનાલનું રેકર્ડ ઇત્યાદિ તમામ સંબંધિત રેકર્ડ વિષેયક સંપૂર્ણ માહિતી સર્વે કરનાર એજન્સીએ સ્વખર્ચે જે તે વિભાગેથી પ્રાપ્ત કરવાની રહેશે.

(૧૩) સર્વે એજન્સી દ્વારા જે તે રેવન્યુ સર્વે નંબર/ બ્લોક નંબરની ટીપ્પણો ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરીમાંથી સ્વખર્ચે મેળવી, એન્લાર્જ કરી, ટિપ્પણની તમામ નકલો અને તથા એન્લાર્જ કરવામાં આવેલ ટીપ્પણની નકલો પી.ડી.એફ.(.pdf) ફોર્મેટમાં જીટીપીસીએલની સંબંધિત કચેરીમાં જમા/સબમીટ કરવાની રહેશે.

(૧૪) ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરીમાંથી ટિપ્પણ તથા અન્ય સંબંધિત જરૂરી રેકર્ડ મેળવી, કરેલ જમીન માપણીની મેળવણી કરી, હદ તથા કબ્જો દર્શાવી, ક્ષેત્રફળની ગણતરી બતાવવાની રહેશે. ક્ષેત્રફળ જે તે સર્વે નંબરના ગામના નમુનાના ૭/૧૨ માં દર્શાવેલ ક્ષેત્રફળ સાથે સરખાવવાનું રહેશે. જો તેમાં ફેરફાર જણાય તો તેના ચોક્કસ કારણો દર્શાવી, ઉપરના તમામ નકશા તથા આનુષાંગિક સંપૂર્ણ વિગત તૈયાર કરવાની રહેશે.

(૧૫) હયાત સ્થળ-સ્થિતી સાથેના કન્ટુર સર્વેમાં સ્પોટ લેવલ પધ્ધતિથી કન્ટુર પ્લાન તથા લેવલ બુક તૈયાર કરવાની રહેશે. ૫૦મી X ૫૦ મીની ગ્રીડમાં ૦.૫૦મીના ઇન્ટરવલથી કન્ટુર શીટ તૈયાર કરી હયાત બાંધકામ સાથેનો નકશો અલગથી જમાં કરવાનો રહેશે તથા તમામ નકશાઓની સોફ્ટ કોપી અલગથી પુરી પાડવાની રહેશે.

(૧૬) કામગીરી માટેના નકશાની વિગતો તૈયાર કરી ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરીમાં જમા/સબમીટ કરતા અગાઉ તેની ૩(ત્રણ) નકલ ચકાસણી અર્થે જીટીપીસીએલને આપવાની રહેશે. જેની જીટીપીસીએલના અધિકૃત કર્મચારી/અધિકારી સાથે સંયુક્ત રીતે ચકાસણી કરાવવાની રહેશે.જે માપણી માન્ય રાખ્યેથી બાકીની તમામ વિગતો, રેકર્ડ, નકશા વિગેરે ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરીમાં જમા/સબમીટ કરાવવાનું રહેશે.

(૧૭) રે.સ.નં./બ્લોક નં./સી.સ.નં ના રેકર્ડ અનુસાર મેળવણી કરી, ક્ષેત્રફળની ગણતરી કરી તેની મેળવણી રેકર્ડના આધારે કરી, તદાનુસારની ઉપરોક્ત તમામ વિગતો સંપુર્ણ રીતે તૈયાર કરી, સર્વે કરેલ જમીન માપણીની માહિતી ૧:૪૦૦ ના ચોકડી વાળી ૭૦.૦૦ x ૫૦.૦૦ સે.મી. માં માપણીશીટો ૧૦૦ જી.સી.એમ. પેપરમાં તથા સોફ્ટ કોપીમાં તૈયાર કરી પૂરી પાડવાની રહેશે તેમજ તેનો ઇન્ટીગ્રેટેડ મેપ તૈયાર કરી ૧:૮૦૦૦ તથા ૧:૨૦૦૦ બંને સેટમાં ૩(ત્રણ) નકલ ૧૦૦ જી.સી.એમ. પેપર તથા સોફ્ટ કોપીમાં જીટીપીસીએલ સુચવે તે મુજબના નમૂનામાં રેકર્ડ સહિત પૂરી પાડવાની રહેશે. જમીન માપણી કરેલ શીટના રે.સર્વેનં./બ્લોક નં. વિગેરેના ક્ષેત્રફળ અંગેનું ગણત્રી પત્રક અને ૧:૪૦૦ ના સ્કેલમાં મેળવણી સાથે જમીન માપણી શીટ સાથે રાખી, એજન્સીએ ડી.આઇ.એલ.આર કચેરીમાંથી મેળવણી પ્રમાણિત કરાવી, જીટીપીસીએલને જમા કરાવવાની રહેશે.

(૧૮) એજન્સીએ ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝની કચેરી માંથી પ્રમાણિત કરેલ નકશા, સર્વે શીટો (સ્કેલ:-૧:૪૦૦), એરીયા પત્રક અને ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝની કચેરીમાંથી મેળવેલ દસ્તાવેજી પુરાવાઓની પી.ડી.એફ. ફોર્મેટમાં સોફ્ટકોપી રજુ કરવાની રહેશે.

(૧૯) ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરી દ્વારા આપવામાં આવેલ સુધારા/ગણત્રીપત્રક વગેરે તથા માપણી શીટની નકલો પુરી પાડવાની રહેશે.

(૨૦)સુચિત વિસ્તારની હયાત માપણી તથા શંકુ ટીપ્પણ, પ્લોટબુક માપણી મેળવણીને/ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરી દ્વારા પ્રમાણીત નકશાને કે.એમ.ઝેડ/કે.એમ.એલ. ફાઇલ/.shp ફોર્મેટમાં અલગથી આપવાની રહેશે.

(૨૧) ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરી દ્વારા પ્રમાણીત કરવાની થતી તમામ ફીની રકમની ચુકવણી જીટીપીસીએલ અથવા સંબંધિત સત્તામંડળ દ્વારા કરવામાં આવશે.

(૨૨) ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરીમાં રેકર્ડ સબમીટ કર્યા તારીખથી પ્રમાણીત થઇ આવે ત્યા સુધીનો સમયગાળો કામના સમયગાળામાં ગણવામાં આવશે નહી.

(૨૩) ઉપરોકત કામગીરીની ત્રણ સેટમાં હાર્ડકોપી તથા .dwg અને .shp ફાઇલ સોફટકોપી આપવાની રહેશે.

(૨૪) સદરહું કામગીરી માટે નીચે મુજબના ધોરણે મહેનતાણાની રકમ ચૂકવવામાં આવશે.

| **ક્રમાંક** | **શરતો / વિગતો** | **ચુકવણીનો હિસ્સો** |
|---|---|---|
| ૧ | ક્ષેત્રિય કામગીરી પૂર્ણ થયા બાદ ક્લેઇમ રજુ કર્યેથી ચુકવવાપાત્ર રકમ.<br>(આ કામગીરી કર્યા બાદ૧**સે.મી = ૨૦ મીટર સ્કેલમાં નકશો** તૈયાર કરી હાર્ડકોપી તથા સોફ્ટકોપી આપવાનો રહેશે.. માપણી કરેલ વિસ્તારનું ક્ષેત્રફળ હેકટરમાં દર્શાવી બીલ રજુ કરવાનું રહેશે.) | ૫૦% |
| ૨ | સ્કીમ વિસ્તાર/ સૂચિતવિસ્તારની મેળવણીકરી ડી.આઇ.એલ.આર / સી.ટી સર્વે સુ.પ્રી.શ્રીનું પ્રમાણપત્ર સક્ષમ જીટીપીસીએલ અધિકારીના સુચન મુજબ માપણી પ્રમાણિત કરાવી આપ્યેથી બિલની ચૂકવણી કરાવામાં આવશે. ૪૦% રકમ બેઇઝમેપ બનાવવાની કામગીરી પુર્ણ થયા બાદ ક્લેઇમ રજુ થયેથી ડી.આઇ.એલ.આરશ્રીના નિમતાણાં સર્ટીફીકેટ બાદ ચુકવવામાં આવશે. | ૪૦% |
| 3 | મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્ત સરકારશ્રીમાં સાદર કર્યા પછી ચુકવવાપાત્ર રકમ. | ૧૦% |

## કામ નં. 03 (અ) :DGPS નો ઉપયોગ કરીને હોરીજોન્ટલ કન્ટ્રોલ પોઇન્ટ ફીકસ કરવા સમગ્ર વિસ્તારમાં DGPS કન્ટ્રોલસ્ટેશનને જોડતા ટોટલ સ્ટેશન દ્વારા ટ્રાવર્સ કરવો.

- એજન્સી દ્વારા DGPS પોઇન્ટ સર્વેની કામગીરી વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ૦૭ દિવસમાં શરૂ કરી વધુમાં વધુ ૧(એક) માસ અથવા GTPCL દ્વારા સૂચવવામાં આવેલ સમયગાળામાં પૂર્ણ કરી, સબંધિત વિભાગે જમા કરાવવાની રહેશે.
- જીટીપીસીએલ દ્વારા સુચવેલ DGPS કન્ટ્રોલ પોઇન્ટથી નવા કન્ટ્રોલ પોઇન્ટ અથવા સર્વે ઓફ ઈન્ડિયા (SOI) દ્વારા સ્થાપિત CORS સ્ટેશન પોઇન્ટના આધારે, જીટીપીસીએલના અધિકારીના સુચવ્યા મુજબ મુકવાના રહેશે.

**1) સ્થળ મુલાકત અને GCN (Ground Control Network) નું પ્લાનીંગ:-**

- સર્વે એજન્સીએ પ્રથમ સ્થળ મુલાકાત કરી સોપેલ વિસ્તારનું અવલોકન કરવું.
- ગુગલ અર્થ અને હેન્ડ જીપીએસની મદદથી સ્થળ પર ગ્રાઉન્ડ કન્ટ્રોલ પોઇન્ટ માટે કામચલાઉ સ્થાન નકકી કરવા.
- બધા પસંદ કરેલા પોઇન્ટ આકાશ તરફ અવરોધ મુકત છે. આ પોઇન્ટ વૃક્ષોના આવરણ, બહુમાળી ઇમારતો, હાઇટેન્શન ઇલેકટ્રીક લાઇનો વગેરેથી મુકત છે તેની ચકાસણી કરવી.
- DGPS પીલ્લર્સ દર ૦૨ કી.મીના અંતરે (ગ્રીડમાં) અથવા ૧૦૦ થી ૧૫૦ હેકટરના વિસ્તારમાં ઓછામાં ઓછા ત્રણ પીલ્લર્સ મુકવા.

**2) GCN પથ્થર:-**

- બધા જ પોઇન્ટ જમીનમાં કાયમી ધોરણે જળવાય રહે તેમ સર્વે એજન્સીએ 30cm X 30cm X ૭૫cm ના સાઇઝના M-20 કોન્ક્રીટમાં જમીનથી ૧૫ સેમી ઉપર ૧૦cm X ૧૦cm X ૫ mm ની MS પ્લેટના માર્કીંગ સાથે સ્થળ ઉપર ફિકસ કરવા.
- બધા જ કન્ટ્રોલ પોઇન્ટ લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે એન્ટી કોરોસીવ યેલો પેઇન્ટ કરવો.
- બધા જ કન્ટ્રોલ પોઇન્ટ ઉપર નંબરીંગ કરવું.
- સુંસંગતતા માટે તમામ કો-ઓર્ડીનેટ (Northing Easting and Elevation)ડેટમ WGS-84, UTM અને TM માં આપવા.
- ટ્રાવર્સ સર્વેમાં આવતા પરમનેન્ટ સ્ટ્રક્ચર જેવા કેપેરાપેટ, ઓટા, કલ્વર્ટ, મંદિરોની પ્લીન્થ, ડીવાઇડર વગેરે ઉપર પણ માર્કીંગ કરવું.
- GTS બેન્ચમાર્કની વિગતો સર્વે ઓફ ઇન્ડીયા (SOI) પાસેથી સર્વે એજન્સી દ્વારા મેળવવામાં આવશે અને જો જરૂરી હોય તો ક્લાયન્ટ દ્વારા તે મેળવવામાં સહાય પૂરી પાડવામાં આવશે. RL અને BM નંબર નોંધવામાં આવશે. આવા બેન્ચમાર્ક પોઇન્ટ

ઓટોકેડ ડ્રોઇંગમાં X,Y,Z કોર્ડીનેટની વિગત તથા સ્થાન વર્ણન સાથે સ્પષ્ટ પણે દર્શાવવાના રહેશે.

3) **GCN ઓબઝર્વેશન :-**

- ઉચ્ચ ક્વોલીટી અને એક્યુરસી વાળા DGPS ઇન્ટ્રુમેન્ટનો ઉપયોગ કરવો.
- DGPS ઇન્ટ્રુમેન્ટનો ઉપયોગ કરીને કન્ટ્રોલ સ્ટેશનનો નિશ્ચિત કરવામાં આવશે.
- બેઇઝ સ્ટેશન ઉપર અવલોકનનો સમય ઓછામાં ઓછો બે કલાક અને સંદર્ભે સ્ટેશન ઉપર ૪૫ મીનીટ માટે અવલોકન કરવામાં આવશે.
- ± 3 સે.મીની અંદર હાઇ એક્યુરેસી સુનિચ્છિત કરવા માટે ઓછામાં ઓછા ૮ ઉપગ્રહ ઉપલબ્ધ હોવા જોઇએ.

4) **ટ્રાવર્સ સર્વે:-**

- DGPS કન્ટ્રોલ પીલર્સને જોડતો ટોટલ સ્ટેશન મશીનથી દર ૨૦૦ મીટરના અંતરે ક્લોઝ ટ્રાવર્સ સર્વે કરવો.
- બધા જ ટ્રાવર્સ સ્ટેશનોના X,Y,Z વિગતો સાથેનું ટ્રાવર્સ પત્રક તૈયાર કરવું.
- ફાઇનલ ટ્રાવર્સ પત્રક મુજબની વિગતો પ્રમાણે ટોપોગ્રાફી સર્વે કરવું.






- એજન્સીએ ચોકસાઇ પુર્વક સર્વે કરી .dwg ફાઇલ અને .shp ફોર્મેટમાં ફાઇલ તથા GCP survey report ત્રણ સેટમાં હાર્ડકોપી તથા સોફ્ટ કોપીમાં જમા કરાવવાની રહેશે.
- સદરહું કામગીરી માટે નીચે મુજબના ધોરણે મહેનતાણાની રકમ ચૂકવવામાં આવશે.

| ક્રમાંક | શરતો / વિગતો | ચુકવણીનો હિસ્સો |
|---|---|---|
| ૧ | DGPS કન્ટ્રોલ પોઇન્ટ આધારિત, .dwg અને .shp ફોર્મેટમાં ફાઇલ તથા GCP survey report સોફ્ટકોપી તથા હાર્ડકોપી (3 સેટ) સબમિટ થયા બાદ ચુકવવાપાત્ર રકમ (માપણી કરેલ વિસ્તારનું પ્રતિ પોઇન્ટ દર્શાવી બીલ રજુ કરવાનું રહેશે.) | ૮૦% |
| ૨ | સંપૂર્ણ કામગીરીની તપાસ અને મંજૂરી બાદ ચુકવવાપાત્ર રકમ. | ૨૦% |

## કામ નં. ૦૩ (બ) : સુચિત વિકાસ યોજના માટે સેટેલાઇટ ઇમેજ જીઓ રેફરન્સ કરવા માટે RTK પધ્ધતીથી DGPS પોઇન્ટ સર્વેની કામગીરી.

- એજન્સી દ્વારા DGPS પોઇન્ટ સર્વેની કામગીરી વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ૦૭ દિવસમાં શરૂ કરી વધુમાં વધુ ૧(એક) માસ અથવા GTPCL દ્વારા સૂચવવામાં આવેલ સમયગાળામાં પૂર્ણ કરી, સબંધિત વિભાગે જમા કરાવવાની રહેશે.
- એજન્સી દ્વારા DILR કચેરીમાંથી બેન્ચમાર્ક પોઈન્ટની વિગતો મેળવી જીટીપીસીએલ સાથે પરામર્શમાં રહીને DGPS કન્ટ્રોલ પોઇન્ટથી નવા પોઇન્ટ RTK પધ્ધતીથી જીટીપીસીએલના અધિકારીના સુચવ્યા મુજબ રીડીંગ લેવાના રહેશે.
- DGPS- બેઇઝ પોઇન્ટ ઓછામાં ઓછા ૨૪ કલાક અને DGPS-રોવરમાં ઓછામાં ઓછા એક કલાકનો સમયગાળો સ્ટેટીક પધ્ધતીથી રીડીંગ લેવા માટે રાખવાનો રહેશે.
- બેઇઝ DGPS કન્ટ્રોલ સ્ટેશનના Northing, Easting અને Elevation ની વેલ્યુ GTPCL દ્વારા આપવામાં આવશે.
- સુચિત વિકાસ યોજના ની બાઉન્ડ્રીથી અંદર DGPS થી RTK રીડીંગની વિગત KML ફાઇલ GTPCL દ્વારા આપવામાં આવશે.
- એજન્સીએ RTK માં ચોકસાઇ પુર્વક સર્વે કરી .dwg ફાઇલ અને .shp ફોર્મેટમાં ફાઇલ તથા GCP survey report સોફટ કોપીમાં જમા કરાવવાની રહેશે.
- સદરહું કામગીરી માટે નીચે મુજબના ધોરણે મહેનતાણાની રકમ ચૂકવવામાં આવશે.

| ક્રમાંક | શરતો / વિગતો | ચુકવણીનો હિસ્સો |
|---|---|---|
| ૧ | DGPS કન્ટ્રોલ પોઇન્ટ આધારિત RTK સર્વે પૂર્ણ કરી, .dwg અને .shp ફોર્મેટમાં સોફ્ટકોપી સબમિટ થયા બાદ ચુકવવા પાત્ર રકમ (માપણી કરેલ વિસ્તારનું પ્રતિ પોઇન્ટ દર્શાવી બીલ રજુ કરવાનું રહેશે.) | ૮૦% |
| ૨ | સંપૂર્ણ કામગીરીની તપાસ અને મંજૂરી બાદ ચુકવવા પાત્ર રકમ | ૨૦% |

## કામ નં. ૦૪ : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાના અથવા અન્ય રોડની માપણી તથા તેના ડીમાર્કેશનની કામગીરી.

